ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને **બીજા હપ્તા** પેટે રૂ.૦.૨૭૨૫ કરોડની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

**વર્ષ ૨૦૨૬-૨૭**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/MIS/e-file/17/2022/1606/A-1 Section**

સચિવાલય, ગાંધીનગર

તા.**As per e-sign.**

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક : **SJED/MSM/e-file/17/2025/2372/A-1 Section**

(૨) આ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક : **SJED/MIS/e-file/17/2022/1606/A-1 Section**

(૩)સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૫-૦૯-૨૦૨૬નો પત્ર ક્રમાક: **DDCW/AG/e-file/225/2026/1467/CHH-Branch-Board Corpor.**

**આમુખ:-**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૧.૦૯ કરોડની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને રૂ.૧.૦૯ કરોડની વહીવટી ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ.૦.૨૭૨૫ કરોડની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવા અત્રેથી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) ના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને રૂ.૧.૦૯ કરોડની વહીવટી ગ્રાન્ટ પૈકી બીજા હપ્તા પેટે રૂ.૦.૨૭૨૫ કરોડની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૧.૦૯ કરોડની વહીવટી ગ્રાન્ટ પૈકી બીજા હપ્તા પેટે રૂ.૦.૨૭૨૫ કરોડની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ

નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ ખર્ચ કરતા પહેલા નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૪) સને ૨૦૨૬-૨૭ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૦૧ વિમુક્ત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ અને પેટા સદર:૨૦ ડિએનટી-૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે તેમજ વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨/૧૦/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(દેવ્યાની ઝાલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ગુજરાત સરકાર

**<u>નકલ રવાના:</u>**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૫) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૭) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

(૮) સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by:Devyani Zala
Section Officer
Date:2026.10.30
11:35:26 +5:30